# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-11-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

### આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની 162મી જન્મતિથીએ 'વિક્સિત ભારત યુવા નેતૃત્વ સંવાદ' યોજવાની જાહેરાત કરી.

2) પ્રધાનમંત્રીએ મન કી બાત કાર્યક્રમમાં વડીલોને ડિજિટલ એરેસ્ટનાં જોખમથી બચાવી રહેલા યુવાનોની પ્રશંસા કરી.

3) ઝારખંડમાં સરકાર રચવા માટેની કવાયત હાથ ધરાઇ. ઇન્ડી ગઠબંધનના ચૂંટાયેલા ધારાસભ્યોની આજે બેઠક મળશે..

4) 'એક પેડ મા કે નામ' ઝૂંબેશમાં માત્ર પાંચ મહિનામાં એક કરોડ વૃક્ષોનાં વાવેતરનું સીમાચિહ્ન હાંસલ.

5) વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકર જી-7 દેશોનાં વિદેશમંત્રીઓની બેઠકમાં ભાગ લેવા આજથી ત્રણ દિવસ ઇટલીનાં પ્રવાસે.

6) પર્થ ખાતે રમાઇ રહેલી પ્રથમ ટેસ્ટમાં બીજી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતે 400 કરતાં વધુ રનની સરસાઈ મેળવી..

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM--MANN-KI-BAAT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં રાજકીય પૃષ્ઠભૂમિ વિનાના પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા હાકલ કરી છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 116મી આવૃત્તિમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ  જાહેરાત કરી હતી કે આગામી થોડા મહિનામાં આવા એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડવા માટે દેશમાં અનેક વિશેષ અભિયાનો ચલાવવામાં આવશે. શ્રી મોદીએ આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની 162મી જન્મજયંતિ પર દિલ્હીમાં 'વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ' યોજવાની જાહેરાત કરી હતી.

**SWAMI VIVEKANAND pm BYTE (MAAN KI BAAT)**

એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાનું મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કરવા બદલ ખુશી વ્યક્ત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે આ અભિયાન હવે વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રસરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે તેમણે ગયાનાની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપ્રમુખ ઇરફાન અલીને 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાયા હતા.

**EK PED MA KE NAAM (MAAN KI BAAT)**

શ્રી મોદીએ એવા યુવાનો વિશે વાત કરી જેઓ વડીલોને ડિજિટલ ધરપકડના જોખમમાંથી બચાવવા માટે આગળ આવ્યા છે.

## DIGITAL ARREST (MANN KI BAAT)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરતા ડિજિટલ જીવન પ્રમાણપત્ર બાબતે વડીલોને મદદ કરવા બદલ લખનૌના વીરેન્દ્રની પ્રશંસા કરી હતી.

સ્વચ્છતા અંગે વાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે સરકારી કચેરીઓમાંથી દાયકાઓ જૂની ફાઈલો દૂર કરવા માટે ખાસ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેનાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે.

નેશનલ કેડેટ કોર્પ્સ-NCC દિવસ અંગે વાત કરતાં શ્રી મોદીએ એનસીસી કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પાંચ હજાર નવી શાળાઓ અને કોલેજોમાં NCCની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે NCCમાં છોકરીઓની સંખ્યા વધીને લગભગ 40 ટકા થઈ ગઈ છે.

## PM-ODISHA-PARBA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ‘ઓડિશા પર્વ 2024’ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ સભાને સંબોધન કરશે. આ

કાર્યક્રમનો ઉદેશ્ય રાજ્યના જીવંત સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નૈતિકતાનું પ્રદર્શન કરવાનો છે. દિલ્હી ખાતેના ઉડિયા સમાજ આયોજિત આ કાર્યક્રમનું આજે સમાપન થશે.

## DAY-ALL-PARTY-MEETING

આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર પહેલા નવી દિલ્હીમાં સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક યોજાઇ છે. આ બેઠકની અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહ કરી રહ્યા છે. બેઠકમાં, સરકાર સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સમર્થન માંગશે. શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થશે અને 20મી ડિસેમ્બર સુધી ચાલશે. જો કે, 26મી નવેમ્બરે બંધારણ દિવસ હોવાથી સંસદની બેઠક યોજાશે નહીં.

## PREZ---TEG-BAHADUR.RTF

આજે શીખોના નવમા ગુરુ ગુરુતેગ બહાદુરનો શહીદી દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ગુરુ તેગ બહાદુરે ધર્મ, માનવીય મૂલ્યો, આદર્શો અને સિદ્ધાંતોની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. ગુરુ તેગ બહાદુરની શહાદતને દર વર્ષે શહીદી દિવસ તરીકે યાદ કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુ તેગ બહાદુરને શ્રદ્ધાંજલિ પાઠવતા પોતાના સંદેશમાં કહ્યું છે કે, ગુરુ તેગ બહાદુરે માનવતા અને ધર્મની રક્ષા માટે પોતાનુંજીવન બલિદાન આપ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગુરુ તેગ બહાદુરને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ ગુરુતેગ બહાદુરને હિંમત અને નિઃસ્વાર્થ બલિદાનનું પ્રતીક ગણાવ્યા છે. શ્રી ધનખડે લખ્યું કે માનવતાના મૂળભૂત અધિકારોની રક્ષામાં તેમનું અપ્રતિમ બલિદાન આવનારી પેઢીઓ માટે પ્રેરણાનો શાશ્વત સ્ત્રોત બની રહેશે.

## DAY-JHARKHAND-GOVT-FORMATION

ઝારખંડમાં ઇન્ડી ગઠબંધનના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આજે બપોરે રાંચીમાં તેમના નેતાની પસંદગી કરવા માટે બેઠક કરશે. આ બેઠક હેમંત સોરેનના સત્તાવાર નિવાસસ્થાને યોજાશે. જેએમએમ, કોંગ્રેસ, આરજેડી અને સીપીઆઈ (એમએલ)ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો બેઠકમાં હાજરી આપશે. હેમંત સોરેનને નેતા તરીકે પસંદ કરાશે. શ્રી સોરેન સાંજે 4 વાગ્યે રાજ્યપાલ સંતોષ ગંગવારને મળી રાજ્યમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. 81 સભ્યોની વિધાનસભામાં, ઈન્ડિયા ગઠબંધને 56 બેઠકો મેળવી. બીજી તરફ ભાજપના નેતૃત્વમાં એનડીએને 24 બેઠકો મળી છે.

## JAISHANKAR-ITALY-VISIT.RTF

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર આજથી ઇટલીની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જશે. ડૉ. જયશંકર ફિઉગ્ગીમાં G-7 વિદેશ

મંત્રીઓની એક બેઠકમાં ભાગ લેશે. બેઠકમાં ભારતને અતિથિ દેશતરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ઉપરાંત, તેઓ ઇટાલીના વિદેશ મંત્રી અને G-7 દેશોના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.તેઓ રોમમાં M.E.D ભૂમધ્ય સંવાદની 10મી આવૃત્તિમાં પણ ભાગ લેશે. ડો. જયશંકર રોમમાં ભારતીય દૂતાવાસના નવા પરિસરનું પણ ઉદ્ઘાટન કરશે.

## BHUTAN-PM-INDIA-VISIT.RTF

ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે ભારતની ત્રણ દિવસીય મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચશે. આવતીકાલે તેઓ દિલ્હીમાં એક કાર્યક્રમમાં ભાગ લેશે અને મંગળવારે બપોરે ભૂટાન જવા રવાના થશે. શ્રી તોબગેએ ગત માર્ચ મહિનામાં ભારતની મુલાકાત લીધી હતી.

## INDIA AUSTRALIA FIRST TEST

પર્થ ખાતે રમાઇ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે. પાંચ વિકેટ ગુમાવીને 385 રન કર્યા છે. ઓપ્ટસ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી આ મેચમાં ભારતે 431 રનની સરસાઈ મેળવી છે. વિરાટ કોહલીએ અડધી સદી ફટકારી છે જ્યારે વોશિંગ્ટન સુંદર 19 રને રમતમાં છે. યશસ્વી જયસ્વાલે 161 રનનું મહત્વનું યોગદાન આપ્યું છે.

ભારતે ગઇ રાત્રિનાં વિના વિકેટે 172 રનથી ઇનિંગ આગળ ધપાવી હતી. ગઈ કાલે ઓસ્ટ્રેલિયા 104 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જ્યારે ભારતે પ્રથમ ઇનિંગમાં 150 રન કરીને યજમાન સામે 46 રનની સરસાઈ મેળવી હતી.

## REV.-HOCKEY-MEN-S-JUNIOR-ASIA-CUP.RTF

જૂનિયર હોકી એશિયા કપ સ્પર્ધા આગામી 26 નવેમ્બરથી ઓમાનના મસ્કતમાં શરૂ થશે. ભારતીય હૉકી ટીમ પ્રથમ મેચ 27 મી તારીખે થાઈલેન્ડ સાથે રમશે. આ વર્ષે સ્પર્ધામાં દસ ટીમોને બે પૂલમાં વહેંચવામાં આવી છે.

પૂલ-એમાં ભારતીય ટીમની સાથે કોરિયા, જાપાન, ચાઈનીઝ તાઈપેઈ અને થાઈલેન્ડની ટીમોનો સમાવેશ થાય છે, જ્યારે પૂલ-બીમાં પાકિસ્તાન, મલેશિયા, બાંગ્લાદેશ, ઓમાન અને ચીનની ટીમોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને 2-1થી હરાવીને આ સ્પર્ધા જીતી હતી.

## TRUMP-AGRICULTURE-SECRETARY.RTF

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રુક રોલિન્સને કૃષિ મંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. સુશ્રી રોલિન્સ હાલમાં બિન-સરકારી સંસ્થા અમેરિકા ફર્સ્ટ પોલિસી ઇન્સ્ટિટ્યૂટના મુખ્ય કાર્યકારી અધિકારી છે. આ નિમણૂક સાથે, ડોનાલ્ડ ટ્રમ્પની કેબિનેટ ધીમે ધીમે આકાર લઈ રહી

છે. જોકે, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એડમિનિસ્ટ્રેશન અને ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના વડાઓની હજુ જાહેરાત કરવામાં આવી નથી.

## COP29-CLIMATE-FINANCE.RTF

અઝરબૈજાનના બાકુમાં સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન સંમેલન-COP-29માં, વિશ્વના નેતાઓ વર્ષ 2035 સુધીમાં આબોહવા ક્ષેત્ર માટેના નાણાકીય ભંડોળમાં 1 ટ્રિલિયન ડોલરની ફાળવણી માટે સંમત થયા છે. આ રકમ વિકાસશીલ દેશોને જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે વપરાશે. બીજી તરફ ભારત સહિતના વિકાસશીલ દેશોએ જળવાયુ પરિવર્તન સામે લડવા માટે વધુ ભંડોળ ફાળવવાની હાકલ કરી છે.

કેન્દ્રીય પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સચિવ લીના નંદને જણાવ્યું છે કે એક અંદાજ મુજબ વર્ષ 2030 સુધીમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા એક ટ્રિલિયન ત્રીસ બિલિયન ડૉલરની જરૂર પડશે, પરંતુ વિકાસશીલ દેશો પાસે દર વર્ષે માત્ર ત્રણસો બિલિયન ડૉલર હશે જે પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો માટે પૂરતું નથી.